# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-11-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# KUTIR GRAMOUDHYOG NITI

કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂત અને રાજ્યકક્ષાના મંત્રી જગદીશ વિશ્વકર્માએ આજે ગાંધીનગરમાં "નવી કુટિર અને ગ્રામોદ્યોગ નીતિ – ૨૦૨૪"ની જાહેરાત કરી હતી.

નવી નીતિમાં આગામી પાંચ વર્ષમાં વધુ 12 લાખ રોજગારીનું સર્જન કરવાનો લક્ષ્ય છે. આગામી પાંચ વર્ષમાં વધુ 60 હજાર નાના ઉદ્યોગ સાહસિકોને કૌશલ્ય વિકાસની તાલીમ આપવામાં આવશે.

નવી નીતિમાં શ્રી વાજપેયી બેન્કેબલ સ્કીમ હેઠળ મહત્તમ લોન રકમ આઠ લાખ રૂપિયાથી વધારીને 25 લાખ રૂપિયા કરવામાં આવી છે અને સબસિડીની રકમ એક લાખ 25 હજાર રૂપિયાથી વધારીને 3 લાખ 75 હજાર રૂપિયા કરવામાં આવી છે. શ્રી રાજપુતે જણાવ્યું હતું કે, નવી નીતિમાં ધિરાણ સુવિધા, બજારની પહોંચ વધારીને અને કૌશલ્ય તથા માળખાકીય વિકાસ દ્વારા સ્વનિર્ભર કુટિર ઉદ્યોગોને વિકસાવવા પ્રોત્સાહન આપવામાં આવ્યું છે.

# BAL VIVAH MUKT BHARAT

કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવીએ આજે નવી દિલ્હીમાં બાલ વિવાહ મુક્ત ભારતના રાષ્ટ્રીય અભિયાનની શરૂઆત કરવી. આ કાર્યક્રમનો પ્રાથમિક એજન્ડા ભારતને બાળ લગ્ન મુક્ત રાષ્ટ્ર બનાવવાનો છે. શ્રીમતી અન્નપૂર્ણા દેવીએ બાળ લગ્ન-મુક્ત ભારત પોર્ટલનું પણ અનાવરણ કર્યું હતું. બાળલગ્ન અટકાવવા અને બાળ લગ્નની ઘટનાઓ અંગે જાગૃતિ વધારવાના અભિયાનને સમર્થન આપવા માટે ઓનલાઈન પ્લેટફોર્મ વિકસાવવામાં આવ્યું છે.

# G V Mavlankar Anniversary

સ્વાતંત્ર્ય સેનાની અને આઝાદ ભારતની પ્રથમ સંસદના પ્રથમ અધ્યક્ષ શ્રી ગણેશ વાસુદેવ માવળંકરની આજે ૧૩૬મી જન્મજયંતી નિમિત્તે ગુજરાત વિધાનસભા પોડિયમ ખાતે તેમના તૈલચિત્રને પુષ્પાંજલિ આપવામાં આવી હતી. વિધાનસભાના નાયબ દંડક વિજય પટેલ સહિત ધારાસભ્યો અને વિધાનસભાના ઉચ્ચ અધિકારીઓ, કર્મચારીઓએ પણ શ્રી ગણેશ વાસુદેવ માવળંકરને શ્રદ્ધાંજલિ આપી હતી.

# Life Certificate for Pensioners

પેન્શનધારકો હવે નજીકની પોસ્ટઓફિસના પોસ્ટમેન અથવા ગ્રામીણ ડાક સેવકની મદદથી ડિજિટલ લાઇફ સર્ટિફિકેટ મેળવી શકશે.

ટપાલ વિભાગે 70 રૂપિયાની ફીમાં પેન્શનધારકોને ઘરે બેઠા ડિજિટલ લાઇફ સર્ટિફિકેટ પ્રદાન કરવાની સુવિધા આપી છે. પેન્શનધારકો પોસ્ટમેન અથવા પોસ્ટ ઈન્ફો મોબાઈલ એપ દ્વારા પણ આ સુવિધાનો લાભ મેળવી શકે છે.

પોસ્ટ માસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવે જણાવ્યું કે, અંતરિયાળ વિસ્તારમાં રહેતા પેન્શનરોને ટ્રેઝરીમાં જવા ઘણી વખત મુશ્કેલીનો સામનો કરવો પડે છે અને મુસાફરીમાં પણ ખર્ચ થતો હોય છે, તે માટે આ નિર્ણય કરાયો છે. ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેન્કે ૨૦૨૦માં કેન્દ્રીય, રાજ્ય અને કર્મચારી ભવિષ્ય નિધિ સંસ્થાના પેન્શનધારકો માટે જીવન પ્રમાણપત્ર શરૂ કરવા ડિજિટલ લાઇફ સર્ટિફિકેટની ડોર સ્ટેપ સેવા શરૂ કરી હતી.

# BANASKANTHA- MATDAR YADI SUDHARNA

બનાસકાંઠા જિલ્લાના વાવ વિધાનસભા મત વિભાગ માટે પહેલી જાન્યુઆરી, 2025ની લાયકાતની તારીખના સંદર્ભે ફોટાવાળી મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ જાહેર કરાયો છે.

જે અંતર્ગત સંકલિત મતદાર યાદી મુસદ્દો આજે જાહેર કરાયો છે. નાગરિકો હક્ક - દાવા અને વાંધા અરજીઓ આજથી બારમી ડિસેમ્બર સુધી રજૂ કરી શકશે. મુસદ્દામાં જણાવેલી તારીખો મુજબ, ત્રીસમી નવેમ્બર અને આઠમી ડિસેમ્બર ખાસ ઝુંબેશની તારીખ જાહેર કરાઇ છે. આ સાથે જિલ્લા ચૂંટણી વિભાગ દ્વારા 24મી ડિસેમ્બર સુધીમાં  હક્ક- દાવા અને વાંધા અરજીઓનો નિકાલ કરાશે. જ્યારે છઠ્ઠી જાન્યુઆરી, 2025ના દિવસે મતદાર યાદીની આખરી પ્રસિધ્ધિ કરાશે.

# DWARKA MANDIR AFVA

સુપ્રસિધ્ધ દ્વારકાધીશ મંદિર બે મહિના માટે બંધ રહેશે તેવી અફવાને જિલ્લા કલેક્ટરે રદિયો આપ્યો છે. જિલ્લા કલેકટર જી.ટી.પંડયાએ સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, મંદિરનાં તંત્ર દ્વારા આવી કોઈ જાહેરાત કરવામાં આવી નથી અને મંદિર તેનાં નિયત સમય પ્રમાણે ખુલ્લું જ રહેશે.

તેમણે જણાવ્યું કે, ભાવિકો સરળતાથી દ્વારકાધીશનાં દર્શન કરી શકે તે માટે તંત્ર વધુ વ્યવસ્થા કરી રહ્યું છે. રાત્રે ટ્રેન મારફતે આવતા શ્રધ્ધાળુઓને અગવડતા ન પડે તે માટે તંત્ર દ્વારા એર કન્ડીશન્ડ બસની વ્યવસ્થા પણ ટૂંક સમયમાં કરવામાં આવશે એમ શ્રી પંડ્યાએ જણાવ્યું હતું.

# MGVCL VIJ JODAN

મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ, વડોદરા દ્વારા ૨૮ જેટલી વીજ ચેકિંગ ટીમ બનાવી મહીસાગર જિલ્લાના સંતરામપુર, કડાણા અને ખાનપુર તાલુકામાં વીજ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં ૬૭૩ જેટલા વીજ

જોડાણ ચેક કરવામાં આવ્યા હતા. આમાંથી ૮૯ જેટલા વીજ જોડાણોમાં વીજ ચોરી ઝડપાઇ હતી, જેનું વીજ ચોરીનું અંદાજિત બીલ 12 લાખ 51 હજાર રૂપિયા થાય છે.

# ICA Dudhsagar dairy Award

નવી દિલ્હી ખાતે તાજેતરમાં યોજાયેલી ઇન્ટરનેશનલ કો.ઓપરેટિવ એલાયન્સ-ICAની વિશ્વ પરિષદમાં અમેરિકાની ઓવરસીઝ કો.ઓપરેટિવ ડેવલપમેન્ટ કાઉન્સિલ દ્વારા મહેસાણાની દુધસાગર ડેરીના ચેરમેન અશોક ચૌધરીને ઇન્ટરનેશનલ કો.ઓપરેટિવ ચેમ્પિયન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# DAHOD FREE HELMET DISTRIBUTION

દાહોદ જિલ્લાને 'ઝીરો ફેટલ ઝોન' બનાવવાના હેતુથી દાહોદ જિલ્લા રોડ સેફ્ટી કમિટિ દ્વારા આજ સવારે નવજીવન આર્ટસ કોમર્સ કોલેજ, દાહોદ ખાતે છેલ્લા સત્રમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જિલ્લા કલેકટર યોગેશ નીરગુડેના હસ્તે નિઃશુલ્ક હેલ્મેટ વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ARTO શિખર વિરેન્દ્રસિંહ રાઠોડે માર્ગ સલામકી અંગે વિદ્યાર્થીઓને મહત્વની જાણકારી આપી સરકારે આપેલ નિયમોનું પાલન કરવા માટે ખાસ ભાર મૂક્યો હતો. દાહોદ ARTO સી. ડી. પટેલે કહ્યું હતું કે, દાહોદમાં ગયા વર્ષે માર્ગ અકસ્માતમાં 226નાં મૃત્યુ થયા હતા અને આ વર્ષે ઓકટોબર સુધી 155 વ્યક્તિનાં મૃત્યુ થયા છે.

# DWARKA- MOCK DRILL

ખંભાળિયા પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવની ઉપસ્થિતિમાં જિલ્લાના પોલીસ અધિકારીઓની પરેડ અને મોકડ્રીલ યોજાઇ હતી. હાલ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વાર્ષિક ઇન્સ્પેક્શન ચાલી રહ્યું છે, જેનાં ભાગરૂપે પોલીસ વિભાગ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે.